ગાંધીનગર સમાચાર
તા. ૩૦-૬-૨૦૧૫, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### પૂર્વ રાષ્ટ્રપતિનું અભૂતપૂર્વ 'સંવાદ કાર્ય'

પૂર્વ અને અભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામ જેવી આંતરરાષ્ટ્રીય વિભૂતિ બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના સર્વસત્તાધીશ પ્રમુખ સ્વામી સાથે પરિચયમાં આવ્યા પછી ફક્ત પ્રભાવિત જ નથી થયા, એમણે 'બાપા'ના હુલામણા નામે ઓળખાતા આ મૂઠી ઊંચેરા સંતના સાંનિધ્ય થકી જે આધ્યાત્મિક ચેતનાનો સાક્ષાત્કાર કર્યો, એને રાષ્ટ્ર વિકાસ સાથે સાંકળી દોઢ વર્ષના સમયમાં લખેલ ગ્રંથ 'ટ્રાન્સેન્ડન્સ'નું લોકાર્પણ યોજાયું એમાં અક્ષરપુરુષોત્તમ સંસ્થાના વરિષ્ટ સાધુસંતો ઉપરાંત ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ અમિત શાહ, કર્ણાટકના રાજયપાલ વજુભાઇ વાળા, મંત્રી સૌરભ પટેલ અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપરાંત ભારતીય જનતા પાર્ટીના અગ્રણીઓ, 'પદ્મશ્રીઓ' અને ઉદ્યોગપતિઓની હાજરીથી સમારંભ જરુર હાઇ-ફાઇ બન્યો પરંતુ એને સાધુત્વના ભગવા રંગ ઉપરાંત સ્વાભાવિક રીતે જ ભાજપનો કેસરિયો રંગ પણ લાગી ગયો. પ્રમુખ સ્વામી અને પૂર્વ રાષ્ટ્રપતિ બેઉને પ્રજા બિનરાજકીય વિભૂતિઓ તરીકે ઊંડા આદરભાવથી જુએ છે. એક પૂર્વ રાષ્ટ્રપતિ અને તે પણ બિનહિંદુ જયારે હિંદુત્વના આધુનિક સ્વરુપ સમાન સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વોચ્ચ શિખરપુરુષ પ્રત્યે, આકર્ષાય, એમની સાથે આધ્યાત્મિક ઉપરાંત રાષ્ટ્રીય સમસ્યાઓ વિશે રસપૂર્વક ચર્ચા કરી એમનો દ્રષ્ટિકોણ સમજવા પ્રયાસ કરે ત્યારે એક અભૂતપૂર્વ સાંસ્કૃતિક ઘટના જ સરજાઇ રહી હોય એમ લાગે. આપણા પૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણ વિશ્વવિખ્યાત ફિલસૂફ હતા, પરંતુ એમને કોઇ સમકાલીન મુસ્લિમ સંત સાથે આવો ડાયલોગ કર્યો હોવાનું જાણમાં નથી. એ દૃષ્ટિએ ડો. એ.પી. જે. અબ્દુલ કલામનો અભિગમ અત્યંત ઉદારવાદી રહ્યો છે. એમને પ્રાથમિક શાળાનાં બાળકોથી માંડી પ્રગટ બ્રહ્મસ્વરુપ પ્રમુખ સ્વામી સુધી એમનો ચેતોવિસ્તાર સાધ્યો છે. પોતાને આજીવન વિદ્યાર્થી ગણતા આ મહાન વૈજ્ઞાનિક રાષ્ટ્રપતિ બન્યાં તે પહેલાં જ 'મિસાઇલ મેન'નું બિરુદ મેળવી ચૂક્યા હતા. બાળવયે રામેશ્વરના દરિયા કિનારે ઊડતાં પક્ષીઓ જોઇ એમને કુતૂહલ થયું હતું અને વર્ગ શિક્ષક સુબ્રમણ્યમને એમને પૂછ્યું હતું : સાહેબ, શું હું પણ આ પક્ષીઓની જેમ ઊડી શકું? શિક્ષકે ક્ષણનોય વિલંબ કર્યા વિના જવાબ આપેલો કે હા બેટા, તું પણ ઉડવા ધારે તો જરુર ઉડી શકે. એ માટે તારે પ્રચંડ મનોબળ કેળવવું પડે! માછીમારની ઝૂંપડીમાં જન્મેલો અને છાપાંના ફેરિયાની કામગીરી બજાવતો નાનકડો અબ્દુલ ગામઠી શાળામાં ભણ્યો, દેશી યુનિવર્સિટીમાંથી જ વિજ્ઞાની બન્યો અને એક દિવસ ઊડીને રાષ્ટ્રપતિભવનના કાંગરે જઇ બેઠો. બાળ અબ્દુલ કલામમાં જે કુતૂહલ અને જિજ્ઞાસાવૃત્તિ હતી તે જૈફ વયે રાષ્ટ્રપતિ પદે પહોંચ્યા પછી પણ અકબંધ રહેવા પામી. જો એમ ન હોત તો વિશ્વની સૌથી મોટી લોકશાહીના પ્રથમ નાગરિક બન્યા પછી એ શાળાઓનાં બાળકો સાથે વાર્તાલાપ કરવા ન દોડી જાત. વિજ્ઞાનની સરહદ પૂરી થાય છે ત્યાંથી અધ્યાત્મનો આરંભ થાય છે. એપીજે અબ્દુલ કલામે ઢળતી વયે આધ્યાત્મિક ચેતનાની હરતીફરતી યુનિવર્સિટી સમા પ્રમુખ સ્વામીની સાથે સંવાદ કર્યો, જેની ફલશ્રુતિ રુપે આપણને આ ગ્રંથ પ્રાપ્ત થયો છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે પ્રમુખ સ્વામીના સીમાચિહ્નરુપ પ્રદાનને બિરદાવી એમને આદિશંકરાચાર્યની કોટિના સંત ગણાવ્યા છે. સંન્યાસી સાધુ પરંપરાને એક નવી સમાજલક્ષી ઓળખ આપવા બદલ સમસ્ત રાષ્ટ્ર પ્રમુખ સ્વામી મહારાજનું અને આ ગ્રંથ દ્વારા એમની સેવાઓને રાષ્ટ્રચેતના સાથે સાંકળવા બદલ પૂર્વ રાષ્ટ્રપતિનું ઋણી રહેશે.

# ગાંધીનગરમાં એનએસયુઆઈ દ્વારા મુખ્યમંત્રીના પુતળાનું દહન કરાયું

## શિક્ષણના કથળતા સ્તર બાબતે એનએસયુઆઈ દ્વારા રાજ્યભરમાં દેખાવો કરાયાં
## રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ અને કુલપતિઓને આવેદનપત્રો અપાયા

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યમાં સતત કથળતા જતાં સ્તરના કારણે આજે એનએસયુઆઈ દ્વારા રાજય વ્યાપી આંદોલન છેડવામાં આવ્યું હતું અને પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક ક્ષેત્રના જિલ્લા શિક્ષણાધિકારીઓ તેમજ રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓને આવેદનપત્રો આપવામાં આવ્યા હતા. ગાંધીનગરમાં સે. ૧૫ કોલેજની બહાર એનએસયુઆઈના કાર્યકર્તાઓએ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના પુતળાનું દહન કર્યું હતું.

ભારતમાં શિક્ષણની દૃષ્ટિએ ગુજરાત ૧૩માં સ્થાન કરતા પણ પાછળ ધકેલાઈ ગયું છે અને બીજી તરફ મુખ્યમંત્રી ગતિશીલ ગુજરાતના તાયફા કરે છે તેવા આક્ષેપ સાથે એનએસયુઆઈએ આજે રાજ્યભરમાં દેખાવો કર્યા હતા. રાજ્યમાં લાખો વિદ્યાર્થીઓના શિક્ષણ અંગેના પ્રશ્નોને વાચા આપવા એનએસયુઆઈ દ્વારા દરેક જિલ્લામાં તમામ સ્તરના શિક્ષણાધિકારી અને રાજયની યુનિવર્સિટીઓના કુલપતિઓને આવેદનપત્રો આપ્યા હતા. ગાંધીનગરમાં સેકટર-૧૫ની કોલેજ બહાર એનએસયુઆઈના કાર્યકર્તાઓ ગુલાબસિંહ રાજપુત, જયદીપસિંહ ઠાકોર, અંકિત બારોટ, વિરેન્દ્રસિંહ ગોહીલ, કનુ પટેલ, જયરાજસિંહ બિહોલા સહીત હજારો વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં રાજ્યના


(તસવીર : દિપક જાની)

મુખ્યમંત્રી આનંદીબેન પટેલના પુતળાનું દહન કર્યું હતું. આ ઉપરાંત સરકારને ચેતવણી આપી હતી કે આગામી સમયમાં આ પ્રશ્નનું નિરાકરણ નહી આવે તો વિદ્યાર્થીઓ દ્વારા સચિવાલયનો ઘેરાવો કરવા આવશે.

શિક્ષણના સ્તર બાબતે રાજ્ય સરકાર તદ્દન લાપરવાહ છે અને આ બહેરી મુંગી સરકારના કાને આ વાત પહોંચતી નથી તે બાબત વિદ્યાર્થીઓ બરાબર સમજી ગયા છે. જેનો જવાબ આવનારી ચૂંટણીઓમાં ગુજરાતના વિદ્યાર્થીઓ અને યુવાનો ભાજપને આપશે તે હુંકાર સાથે એનએસયુઆઈના કાર્યકર્તાઓએ ભારે દેખારો મચાવ્યો હતો.

# MBA-MCAની ૨૫,૦૦૪ બેઠક માટે આજથી પ્રવેશ શરૂ

અમદાવાદ, તા.૨૯

રાજયની એમબીએ અને એમસીએની કોલેજોની અંદાજે ૨૫૦૦૪ બેઠકો માટે આવતીકાલથી પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. સીમેટ પાસ કરનારા વિદ્યાર્થીઓ આ બેઠકો ઉપર પ્રવેશ માટે આગામી નવમી જુલાઈ સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકાશે. વિદ્યાર્થીઓ આઠમી જુલાઈ સુધી રાજ્યમાં પંજાબ નેશનલ બેંકની ૩૬ શાખામાંથી એમબીએ-એમસીએ માટે રૂપિયા ૫૦૦ અને બંને કોર્સ માટે રૂપિયા ૭૦૦ની કિંમતે પીન અને બુકલેટ મેળવી શકશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયની એમબીએ-એમસીએ કોલેજોમાં પ્રવેશ માટે ઓક્ટોબર ૨૦૧૪ અને ફેબ્રુઆરી ૧૫માં સિમેંટની પરીક્ષા લેવાઈ હતી. આ પરીક્ષામાં ઉતિર્ણ થનાર વિદ્યાર્થીઓ માટે આવતીકાલથી રાજયની એમબીએ-એમસીએ કોલેજોની કુલ ૨૫૦૦૪ બેઠકો માટે પ્રવેશ કાર્યવાહી હાથધરા છે. ઓનલાઈન રજિસ્ટ્રેશન અને ડોક્યુમેન્ટ સાથે રજિસ્ટ્રેશન ફોર્મસ હેલ્પ સેન્ટરમાં જમા કરાવવાની પ્રક્રિયા ૯મી જુલાઈ સુધી ચાલશે. એમસીએ લેટરલમાં પ્રવેશ માટે વિદ્યાર્થીએ બીસીએ કે બીએસસી (આઈટી) કે બીસીએમાં ગ્રેજયુએશન કરેલું હોવું જરૂરી છે. જેમાં પણ ઓપન કેટેગરી માટે ૫૦ અને અનામત કેટેગરીમાં ૪૫ ટકા સાથે પાસ કરનારા વિદ્યાર્થીઓને જ પ્રવેશ માટે લાયક ગણવામાં આવે છે. ૨૦૧૫ માટે થનારી પ્રવેશ પ્રક્રિયામાં એમબીએની ૧૦૪૨૦, એમસીએની ૬૫૮૦ અને એમસીએ લેટરલની ૮૦૦૪ બેઠકો મળી કુલ ૨૫૦૦૪ બેઠકોનો સમાવેશ કરાયો છે.

ગયા વર્ષે જે પ્રમાણે બેઠકો ખાલી પડી હતી. તે જોતાં આ વર્ષે પણ એમબીએ-એમસીએની મોટાભાગની બેઠકો ખાલી પડે તેમ છે. ઓનલાઈન એડમિશન પ્રક્રિયા પુરી થયા પછી ખાલી પડેલી બેઠકો પર સીમેટ આપી ન હોય પરંતુ પ્રવેશની યોગ્યતા ધરાવતાં હોય તેવા વિદ્યાર્થીઓને સ્વનિર્ભર કોલેજોમાં સીધો પ્રવેશ આપવામાં આવશે.

# ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ માટે આજે અંતિમ તક

## પ્રવેશથી વંચિત રહી ગયેલા વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવા તક : આજે પ્રવેશની કાર્યવાહીને પૂર્ણ જાહેર કરી દેવાશે

અમદાવાદ, તા. ૨૯

ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહની પ્રવેશ કાર્યવાહી પુર્ણ થઈ ચુકી છે અને સ્કુલોમાં શૈક્ષણિક વર્ષનો પ્રારંભ પણ થઈ ચુક્યો છે, ત્યારે જે વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મળ્યો નથી તેમના માટે અમદાવાદ જિલ્લા શિક્ષણધીકારી દ્વારા એક દિવસીય પ્રવેશ કાર્યવાહી યોજવાનું નક્કી કરાયું છે આ માટે આવતીકાલે ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહની પ્રવેશથીં વંચિત રહી ગયેલ વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવાની વધુ એક તક આપવામાં આવશે. આ કાર્યવાહી બાદ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહની પ્રવેશ કાર્યવાહી પૂર્ણ જાહેર કરવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ અનુસાર ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહની પ્રવેશ માટે અમદાવાદ જિલ્લા શિક્ષણાધીકારી દ્વારા કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં સૌપ્રથમ ઓપન કેટેગરીના વિદ્યાર્થીઓની કાર્યવાહી પૂર્ણ થયા બાદ અનામત કેટેગરી ની પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અનામત કેટેગરીની પ્રવેશ કાર્યવાહીમાં ખુબ જ ઓછી સંખ્યામાં વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા હોઈ અનામત કેટેગરીની મોટા પાયે બેઠકો ખાલી પડી રહી છે.આમ ૨૩ જુને ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહની પ્રવેશ કાર્યવાહી પૂર્ણ કરી દેવામાં આવી હતી અને ૨૫ જુનથી અમદાવાદની સાયન્સ સ્કુલોમાં શૈક્ષણિક કાર્ય પણ શરૂ કરી દેવામાં આવ્યું હતું.

જોકે તેમ છતાં સાયન્સમાં હજુ ઘણા વિદ્યાર્થીઓ પ્રવેશ વંચિત હોઈ તેમના માટે એક દિવસીય કાર્યવાહી કરવામાં આવશે. આ માટે પ્રવેસ વંચિત વિદ્યાર્થીઓ પાસે ૨૫ જુનના રોજ ફોર્મ ભરવામાં આવ્યા છે અને હવે તેમને પ્રવેશ માટે આવતીકાલે રાયખડ ખાતે આવેલી કન્યા માધ્યમિક સ્કુલમાં બોલાવવામાં આવ્યા છે જ્યાં તમામ વિદ્યાર્થીઓને ખાલી પડેલી જગ્યાઓ પૈકી સ્કુલની પસંદગી કરાવી પ્રવેશ ફાળવવામાં આવશે. આ કાર્યવાહી પૂર્ણ થતાની સાથે જ સાયન્સની પ્રવેશ કાર્યવાહી સદંતર પુરી થયેલી જાહેર કરવામાં આવશે.

# વારંવાર પરીક્ષાઓ આપતા કર્મચારીઓના કારણે અનેક યુવાનો નોકરીથી વંચિત

## સરકારનું મહેકમ એક જગ્યાએ ભરાય છે તો બીજી જગ્યાએ ખાલી થાય છે : એકવાર નોકરી લઈ લીધા પછી તે જ વર્ગમાં ફરી પરીક્ષા ના આપી શકે તેવો નિયમ લાવવા માંગ

ગાંધીનગર, તા.૨૯

રાજ્યમાં નોકરી વાંચ્છુ યુવાનો દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી મેરિટમાં સ્થાન મેળવવા તનતોડ મહેનત કરવામાં આવી રહી છે પરંતુ બીજી તરફ એક વાર પરીક્ષા પાસ કરીને નોકરી મેળવી ચુકેલા કર્મચારીઓ દ્વારા પણ મનપસંદ સ્થાન કે વિભાગમાં નોકરી મેળવવા ફરીથી એજ વર્ગમાં ફરીક્ષા આપવામાં આવતા હરિફાઈમાં ઉમેરો થવા પામે છે. સરકાર માટે પણ આવા કર્મચારીઓના કારણે વારંવાર ભરતી પ્રક્રિયા યોજવા છતાં મહેકમ સતત ખાલી રહી જવા પામે છે અને એકના એક કર્મચારીઓ વિવિધ વિભાગમાં બદલાયા કરે છે. આ પરિસ્થિતિથી અકળાયેલા કેટલાક ઉમેદવારો દ્વારા એક વર્ગમાં નોકરી મેળવી ચુકેલા કર્મચારીઓ તેજ વર્ગની પરીક્ષા ના આપી શકે તેવો નિયમ લાવવા પીટીશન ફાઈલ કરવાની તૈયારી કરી રહ્યાં છે. એક અંદાજ મુજબ ૧૦ હજારથી વધુ કર્મચારીઓ એકથી વધુ પરીક્ષાઓ પાસ કરીને બેઠા છે અને તેમના કારણે અનેક નોકરી વાંચ્છુઓ નોકરીથી વંચિત રહી જવા પામ્યા છે.

રાજયમાં તાજેતરમાં જ સચિવાલય માટે આસીસ્ટન્ટની પરીક્ષાઓ લેવાઈ હતી અને તેમાંથી ૨૦૦ જગ્યાઓની ભરતી કરવામાં આવી હતી. એક અંદાજ મુજબ તેમાંથી આશરે ૧૬૦ કર્મચારીઓ અગાઉથી જીપીએસસીની પરીક્ષા પાસ કરીને બેઠાં છે. જેનો હુકમ આવતા જ સચિવાલયની આસીસ્ટન્ટની જગ્યા ખાલી કરીને નવી પોસ્ટ પર હાજર થઈ જશે. આમ સચિવાલયમાં ભરતી પ્રક્રિયા યોજાવા છતાં કર્મચારીઓની અછત જળવાઈ રહેશે. એક અંદાજ મુજબ વર્ષ ૨૦૧૬માં સચિવાલયમાં લગભગ ૭૦ થી ૮૦ ટકા જેટલી જગાઓ ખાલી થનાર છે આ સંજોગોમાં વારંવાર એકના એક વર્ગમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપી નોકરી બદલતા કર્મચારીઓના કારણે સરકારને મહેકમની ભારે અછત પડશે. તાજેતરમાં ભરતી કરાયેલ હાઈકોર્ટના ૮૦૦ કર્મચારીઓમાં પણ આજ પ્રકારની પરિસ્થિતિ છે.

આ કર્મચારીઓમાં વર્ગ ૩ અને ૪ના તલાટી, જુ. કલાર્ક, હાઈકોર્ટ કલાર્ક, નાયબ હિસાબનીશ, ફિમેલ હેલ્થ વર્કર, ડીવાયએસઓ, નાયબ મામલતદાર, નાયબ ચીટનીશ અને પોલિસ વિભાગમાં કોન્સ્ટેબલ, એએસઆઈ, પીએસઆઈ વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રકારના કર્મચારીઓ અભ્યાસની રીતે તેજસ્વી હોવાથી આ દાવ રમે છે જેમાં એક સરકારી નોકરી ફિકસ કર્યા પછી ઈચ્છિત વિભાગમાં કેત્યાં નોકરી માટે તેઓ ફરીથી પરીક્ષા પાસ કરે છે જેના લીધે દરેક પરીક્ષામાં મેરિટ પણ ઊંચુ રહે છે અને ખરેખર જરૂરિયાતવાળા ઉમેદવારો નોકરીથી માત્ર ૪ થી ૫ ટકા માટે વંચિત રહી જાય છે. ભારતમાં તામિલનાડુ રાજય એવુ છે જયાં એક વર્ગમાં પરીક્ષા પાસ કરી નોકરી લઈ લેનાર કર્મચારી તેજ વર્ગમાં ફરીથી બીજી પરીક્ષા આપી નથી શકતો હા તે પોતાના કરતા ઉપલા વર્ગ માટે પરીક્ષા જરૂર આપી શકે છે.

ગુજરાતમાં પણ ઘણા યુવાન ઉમેદવારો આ પ્રકારનો નિયમ લાવવા કોર્ટમાં પીટીશન ફાઈલ કરવાની તૈયારી કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. જો આ પ્રકારનો નિયમ રાજયમાં લાગુ કરાય તો સરકારી ખાતાઓમાં કર્મચારીઓની અછતનો પ્રશ્ન ઘણે અંશે નિવારી શકાશે અને અનક બેરોજગારોને પણ નોકરી મળશે. આ ઉપરાતં રાજય સરકાર પર પણ વારંવાર ભરતી પ્રક્રિયા યોજવાનો બોજો ઓછો થશે જેના કારણે સરકારની તિજોરીને પણ રાહત અનુભવાશે. આ પ્રકારનો નિયમ રાજયમાં દાખલ કરવા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલ ઉમેદવારોમાં તીવ્ર માંગ ઉઠવા પામી છે.

# પરિશ્રમ અને ધગશથી કરવામાં આવેલ કાર્યનો આનંદ અનેરો હોય છે!

વર્ષો પહેલાંની વાત છે રાજા - મહારાજાઓનો શાસનકાળ! એક મહારાજા રાજયના મહેલના બગીચામાં સંધ્યા સમયે હળવાશની પળો માણી રહ્યા હતા. એવામાં સન્‌ન્‌ કરતો એક પથ્થર આવીને મહારાજાના કપાળ પર વાગ્યો! સિપાહીઓ દોડીને દિવાલની બહારથી જેણે પથ્થર માર્યો એ વ્યક્તિને પકડી લાવ્યા! મહારાજાને પથ્થર મારનાર આ અજાણ્યા વટેમાર્ગુ પર સૌ કોઇ અત્યંત ક્રોધિત જણાતા હતા! પણ રાજા એ તો વિશાળ રાજયની સાથોસાથ વિશાળ હૃદય પણ ધરાવતા હતા. તેમના ચહેરા પર ક્રોધને બદલે આશ્ચર્યની રેખાઓ અંકાયેલી હતી. તેમણે ડરથી થરથર કાંપતા આ આગંતુકને આમ કરવાનું કારણ પૂછ્યું. ત્યારે તેણે જવાબ આપ્યો કે રાજમહેલની દિવાલથી થોડે દૂર એક બોરડીનું વૃક્ષ હતું અને આ વટેમાર્ગુ બોરડી પરથી બોર પાડવાના હેતુથી આ પથ્થર માર્યે જે એકસ્માતે મહારાજને વાગી ગયો! આખી વાત જાણ્યા બાદ મહારાજે આ આગંતુકને પચાસ સોનામહોરો આપીને મુક્ત કરવાનું ફરમાન જાહેર કર્યું. ઉપસ્થિત સર્વે આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા! રાજાએ આવું શા માટે કર્યું હશે એ પ્રશ્ન દરેકના ચહેરા પર સ્પષ્ટપણે વાંચી શકાય તેમ હતું! આથી રાજાએ ખૂબ પ્રેમપૂર્વક સસ્મિત સૌ - કોઇની શંકાનું સમાધાન કરતાં જણાવ્યું કે જો બોરડીને પથ્થર મારવાથી મીઠા બોર મળી શકે તો એક મહારાજને પથ્થર મારવાથી એનાથી કંઇક વિશેષ તો મળવું જોઇએ ને! કેટલી અદ્‌ભૂત વાત! આજના યુગમાં આપણે પોઝીટીવ બાબતોમાં પણ નેગેટીવ પોઇન્ટ ઓફ વ્યુથી જોતાં થઇ ગયા છીએ! કોઇ આપણી નાની સરખી ફેવર-મદદ કરે તો ઉપરથી તેનો આભાર ચોક્કસ માનીએ પરંતુ અંદરથી સંશય કરીએ છીએ કે આ ફેવર કરવા પાછળ તેનો હેતુ શું હશે? જયારે અહીં નેગેટીવમાં પણ પોઝીટીવ જોવાની વાત છે! આ ઉપરાંત અન્ય એક બાબત એ પણ છે કે તમારી સાથે કોઇ ગમે તેવો વ્યવહાર કરે પરંતુ, તમારે તો તમારા મૂળભૂત સ્વભાવને જ અનુસરવું!

આ દુનિયામાં ઘણા પ્રકારના લોકો વસે છે. પરંતુ, મુખ્યત્વે બે પ્રકારના લોકોમાં આપણે તેને વિભાજીત કરી શકીએ! એક વર્ગ એવો છે કે જે પોતાને સોંપવામાં આવેલું નાનામાં નામું કામ પણ ખંતપૂર્વક તેમજ નિષ્ઠાથી બજાવે છે. તેના માટે તેનું કામ એ ઇશ્વરની આરાધના જેટલું જ પવિત્ર છે અને તે એના માટે પૂરેપૂરો કટિબદ્ધ છે. આ ફરજ તેના પર લદાયેલી નથી પરંતુ, તેણે સ્વૈચ્છિક રીતે જ આ બાબત સ્વીકારેલી છે. જયારે અન્ય તરફ એક વર્ગ એવો છે કે જે કોઇ પણ બહાને પોતાના કામ કે ફરજમાંથી બચવાની કે ભાગવાની પલાયનવૃત્તિ ધરાવતો હોય છે. ખરેખર, બધા જ લોકો આ પ્રકારની વિચારસરણી ધરાવતા થઇ જાય તો એક જ દિવસમાં આ દેશના સર્વે કામકાજ સદંતર બંધ જ થઇ જાય! પરંતુ પેલો અન્ય વર્ગ પોતાના કામ પ્રત્યેની વફાદારીથી એ બેલેન્સને જાળવી રાખે છે. તત્ત્વચિંતક શ્રી ગુણવંત શાહ લખે છે : અત્યારે આપણે જે સમસ્યાઓમાંથી પસાર થઇ રહ્યા છીએ એ સમસ્યાનો ઉકેલ જટાયુ પાસે છે. સીતાના અપહરણ વખતે જટાયુ જયારે પોતાનું બલિદાન આપવા તૈયાર થયો, ત્યારે ગીધોના સાજમાં જે વ્યવહારું લોકો હતા એમણે કહ્યું હશે, "જટાયુ, આ રામ ને રાવણની તકરારમાં તું કાં પડ્યો? એ બહુ બળવાન લોકો છે. એમાં તારો પત્તો નહીં લાગે. રાવણ કયાં અને તું કયાં? જરા વિચાર કર." તો જટાયુએ વડીલોને જવાબ આપ્યો : "મારા જીવતાં રાવણ સીતાનું અપહરણ કરી શકે નહીં." તેણે પોતાની જાતને હોડમાં મૂકીને જીવસટોસટનો આ ખેલ ખેલ્યો! એ હાર્યો કે જીત્યો એ વાત બાજુ પર મૂકીને વિચારીએ કે એણે પોતાનું કાર્ય પૂરેપૂરી નિષ્ઠાપૂર્વક બજાવ્યું એ નોંધનીય બાબત છે!




જેને કામ નથી કરવું તેના માટે નિંદા કે ટીકા કરવાનું ખૂબ આસાન છે! તેઓ માત્ર ચર્ચાઓ અને ચિંતન દ્વારા 'આપણે શું કરી શકીએ?' એમ વિચાર્યા કરે છે. જો ગાંધીજીએ પણ આટલી મોટી બ્રિટીશ હુકૂમત સામે આપણે શું કરી શકીએ એમ કહ્યું હોત તો આપણે શું સ્વતંત્રતાનો આ સૂર્ય નિહાળી શક્યા હોત! ગાંધીજીએ પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવા માટે પૂર્ણપણે પ્રયાસો કર્યા અને પરિણામે જ અશક્ય લાગતી બાબત પણ શક્ય બની શકી. ગાંધીજીનો અહિંસાનો મંત્ર એ ઉપરોક્ત વાર્તાના મહારાજની ભાવનાની પૂર્તિ કરતો વિચાર છે! સામેવાળી વ્યક્તિ તમારી સાથે કઇ રીતે વર્તે છે તે જોવાનો આપણો વિષય જ નથી! આપણે તો આપણે કઇ રીતે વર્તવું અને કઇ રીતે પોતાના અસ્તિત્વની ખુમારીને જાળવી રાખવી એ જ જોવાનું છે! આજકાલ દરેક બાબતમાં ઇન્સ્ટન્ટ અને આર્ટિફિસિયલ વસ્તુઓ જ ચાલે છે. પણ ખરું પૂછો તો, ઓરીજીનલ જેટલો ચાર્મ ક્યારેય તેમાં અનુભવાતો નથી! કોઇ પણ સિદ્ધિ કે સફળતાને પ્રાપ્ત કરવા શોર્ટ કટ્સ હોઇ શકે જ નહિ! સખત પરિશ્રમ અને પોતાના સોએ સો ટકા કામને આપવાની ધગશ વિના એ કાર્ય પૂર્ણ કરી શકાય જ નહિ! ક્ષણિક બાબતોનો આનંદ પણ ક્ષણવાર પૂરતો જ ટકે છે જયારે પરિશ્રમ અને ધગશથી કરવામાં આવેલ કાર્યનો આનંદ અનેરો હોય છે! આજકાલ ફિઝીકલ ફિટનેસની બાબતમાં જાગૃતિ આવી છે અને યંગ જનરેશન પોતાના બાહ્ય દેખાવ માટે થોડા વધુ જાગૃત બન્યા છે! આ જ કારણોસર જીમ અને હેલ્થ કલબનો જાણે રાફડો ફાટ્યો હોય તેવું જોવા મળે છે. પરંતુ, 'વર્લ્ડ યોગા ડે' નિમિત્તે યોગા કરતાં લોકોને જોઇને લાગે કે સાચે જ લોકો આપણા ઓરીજીનલ રૂટ્સ તરફ પાછા ફર્યા છે! પ્રાચીન ભારતમાં યોગના મહત્ત્વનો મહિમા ખૂબ જોવા મળ્યો છે. તો આજે ફરીને આલ્ટ્રા મોડર્ન લાગતા અને મોટા સેલીબ્રીટીઝ લોકોએ પણ યોગાને પોતાના રૂટિનમાં સ્થાન આપ્યું છે, તેના મહત્ત્વને સમજ્યું છે. નેચરલ અને ઓર્ગેનિક ફૂડ માટે પણ લોકો મોટા પ્રમાણમાં જાગૃત બન્યા છે. તો આ તમામ બાબતો સૂચવે છે કે આપણે ફરી આપણા રૂટ્સ તરફ આકર્ષાયા છીએ અને તેના મહત્ત્વને જાણતા તેમજ સમજતા થયા છીએ! તો આવો, આપણે સૌ સાથે મળીને સંકલ્પ કરીએ કે પોતાનું નાનામાં નાનું કામ પણ સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક કરીશું તેમજ બને ત્યાં સુધી શોર્ટકટ્સ લેવાને બદલે યોગ્ય રીતે જ જીવનની આ સફરને સફળ બનાવીશું. કુદરતી રીતે જ જીવનને સુવ્યવસ્થિ બનાવીશું અને શરીરને સ્વસ્થ અને તંદુરસ્ત બનાવવા પ્રયત્નશીલ રહીશું!

"ખુદ કો ભી કભી મહસૂસ કર
લિયા કરો....
કુછ રૌનકે,
ખુદ સે ભી હુઆ કરતી હૈ...!"